ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં./પરીક્ષા/ ૯૮૩૭ /૨૦૨૧ તા. ૧૫ -૦૯-૨૦૨૧

પરિપત્ર નં. : ૧૯૮

**વિષય : એલ.એલ.બી.સેમ. 3 / ૫ માં પ્રવેશ આપવા બાબત.**

**સંદર્ભ : પરિપત્ર ક્રમાંક : ૬૮ , તા. ૦૪-૧૧-૧૯૯૯**

આ યુનિવસિટી સાથે સંલગ્ન તમામ કાયદા વિદ્યાશાખાની કોલેજના આચાર્યોને માન. કુલપતિશ્રીના આદેશાનુસાર જણાવવામાં આવે છે કે યુનિવર્સિટીની એલ.એલ.બી. સેમ.૨ કે સેમ. ૪ની પરીક્ષામાં જે વિધ્યાર્થીઓ નાપાસ થયેલ હોય અને પૂન: મૂલ્યાંકન માટે અરજી કરેલ હોય, તેવા વિધ્યાર્થીઓ અગામી સેમી.ના શૈક્ષણિક વર્ગોમાં બેસી શકે તથા હાજરીના લીધે સત્ર મંજૂરીનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે હેતુસર આવા વિધ્યાર્થીઓને એલ.એલ.બી. સેમ.3 કે સેમ. ૫ માં શૈક્ષણિક વર્ગો ભરવાની શરતી મંજૂરી આપવાનું રાખવું. સાથે જે વિધ્યાર્થીઓના એલ.એલ.બી. સેમ. ૨ કે સેમ. ૪ ના પરિણામ પૂન: મૂલ્યાંકનમાં સુધરે અને પાસ જાહેર થાય તેવા વિધ્યાર્થીઓને સંદર્ભમાં દર્શાવેલ પરિપત્ર ક્રમાંક ૬૮ મુજબ આગળની કાર્યવાહી ( લેટ ફી લીધા વગર) કરવા આથી જણાવવામાં આવે છે.

Sd-

કુલસચિવ વતી

## ગુજરાત યુનિવર્સિટી

નં.પરીક્ષા/ર.અ/ ૫૭૨૬૪ /૧૯૯૯
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯. તા. ૪ -૧૧ -૧૯૯૯

**પરિપત્ર ક્રમાંક : ૬૮ :**

આ યુનિવર્સિટી સાથે સંલગ્ન . . તમામ વિનયન, વાણિજય, વિજ્ઞાન, મેનેજમેન્ટ કોલેજોના આચાર્યો તથા માન્ય સંસ્થાઓના વડાઓ અને યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનોના અધ્યક્ષાશ્રીઓને મા. કુલપતિશ્રીના આદેશાનુસાર જણાવવામાં આવે છે કે, યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષામાં ગુણચકાસણી/પુન:મુલ્યાંકન/ ગેરરીતિના કેસમાં જે તે વિદ્યાર્થીઓના પરિણામમાં ફેરફાર થાય તે અંગે યુનિવર્સિટી ધ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવે છે, આથી જે કિસ્સામાં નીચલી પરીક્ષામાં એ.ટી.કે.ટી. કે પાસ પરિણામ થાય તેવા વિધાર્થીઓને ઉપલા વર્ગમાં પ્રવેશ આપી ખુટતી હાજરી માફ કરવા યુનિવર્સિટીને વિગતો મોકલી આપવાની રહેશે. સબંધિત વિધાર્થીઓને યુનિવર્સિટીના જાહેરનામાના આધારે તેઓને તેમની કોલેજમાં જે તે ઉપલા વર્ગમાં પ્રવેશ આપવાનું રાખવું, ત્યારબાદ આવા વિદ્યાર્થીઓની ખુટતી હાજરી તથા સત્ર મંજુર કરવા માટેની દરખાસ્ત યુનિવર્સિટીના એકેડેમિક વિભાગને મોકલી તે અંગેની મંજુરી મેળવી લેવા વિનંતી.

(સહી)
કુલસચિવ વતી

**નકલ રવાના :-**

૧. ગુજ.યુનિ. સાથે સંલગ્ન વિનયન, વાણિજય, વિજ્ઞાન, મેનેજમેન્ટ કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓ અને યુનિ.ભવનોના અધ્યક્ષાશ્રીઓ..

૨. કુલપતિશ્રીના અંગત સચિવશ્રી

૩. કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી

૪. મદદનીશ કુલસચિવશ્રી, એકેડેમિક વિભાગ
જાણ સારુ તથા જે તે કોલેજો તરફથી ખુટતી હાજરી તથા સત્ર મંજુર કરવાની દરખાસ્ત આવેથી તે અંગે યોગ્ય કાર્યવાહી કરવા સારું.

૫. પરીક્ષા વિભાગના તમામ અધિકારીશ્રીઓ તથા કર્મચારીઓ તરફ જાણ સારું.........

ભટ/૨૧૧૯૯